જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.30/૦૫/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૭૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૩૯૫ | ૪૩ | ૮૪૩૮ | ૧૪૪૬૪ | ૫૯ | ૧૪૫૨૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૧૮૯ | ૧૪ | ૪૨03 | ૫૬૯૬ | ૧૬ | ૫૭૧૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૪ | ૨ | ૨૬ | ૧૯૦ | ૨ | ૧૯૨ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૮૮૭ | ૧૭૦ | ૭૦૫૭ | ૭૭૧૫ | ૧૯૮ | ૭૯૧૩ |
| કુલ | | ૧૯૪૯૫ | ૨૨૯ | ૧૯૭૨૪ | ૨૮૦૬૫ | ૨૭૫ | ૨૮૩૪૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૯૭ | ૮3,૧૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીઓની અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## નોવેલ કોરોના વાયરસ COVID-19 અનુસંધાને લોક ડાઉન દરમ્યાન CRPC કલમ-૧૪૪ ના જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કાર્યવાહી કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘ જી ’ ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમાજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ અમદાવાદ શહેરમાં પણ કેસો નોંધાયેલ હોય જે અનુસંધાને તકેદારીના પગલા રુપે લોકોની વધુ અવર જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટ્કાવવા સારુ તેમજ લોકો વ્યાજબી કારણ સિવાય રોડ ઉપર ફરે નહિ તે સારુ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઈલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે લાઉડ સ્પીકરથી સુચનાઓ આપેલ જેમાં શાકભાજી તથા કરીયાણાની દુકાનો તેમજ ફેરીયાઓથી સુપર સ્પ્રેડર્સ તરીકે કોરોનાનુ સંક્રમણ વધારે પ્રમાણમાં થતા સરકાર શ્રી દ્વારા આવા ફેરીયાઓ તેમજ દુકાનદારો માટે જરુરી ગાઈડ લાઈન નક્કી કરી હેન્ડ સેનેટાઈઝર તથા હાથ મોજા તથા માસ્ક તથા હેલ્થ સ્ક્રીનીગ કાર્ડનો ઉપયોગ કરવાનો તેમજ સોસીયલ ડીસ્ટેંસીંગનુ પાલન કરાવવાનો નિયમનુ ફરજીયાત લાગુ કરેલ હોવા છતા કેટલાક વેપારીઓ તથા ફેરીયાઓ તેમજ ટુ વ્હીલર વ્હીકલ ઉપર એક વ્યક્તિ તથા ફોર-વ્હીલર ગાડીમાં ડ્રાઈવર સાથે બે વ્યક્તિઓએ મુસાફરી કરવાની હોય જેઓએ આ નિયમોનુ પાલન નહિ કરી મે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક- વિ.શા/જાહેરનામુ/એ/સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૨૩/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર કુલ-૧૮ ઈસમોને અટક કરી તેમના વિરુધ્ધમાં ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ધી એપેડમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૩ તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ-૫૧(બી) મુજબ અલગ અલગ જાહેરનામા ભંગના કુલ-૧૦ કેસો કરેલ છે.

## આરોપીઓના નામ-:

(૧) રાજુ S/O ભેખરાજમલ જેઠવાણી ઉ.વ.૫૫ રહે. મ.નં.૧૯ સુદર્શન ફ્લેટ, શાક માર્કેટની બાજુમાં સરદારનગર, અમદાવાદ શહેર (૨) રમેશ S/O કાળીદાસ વાઘેલા ઉ.વ.૩૬ રહે- મ.નં ૬૩૦/૪ આંબાવાડી , સરદારનગર જુના પોલીસ સ્ટેશન પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર (૩) દિનેશ S/O કાળીદાસ વાઘેલા ઉ.વ.૩૨ રહે- મ.નં ૬૩૦/૪ આંબાવાડી, સરદારનગર જુના પોલીસ સ્ટેશન પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર (૪) પરેશ S/O પ્રકાશભાઈ રાજપૂત ઉ.વ.૨૫ રહે- મ.નં.૨૪/૩૪૨ ભદ્રેશ્વર હાઉસિંગ સોસાયટી, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર (૫) જીતેન્દ્ર

S/O બાબુલાલ નાયક ઉ.વ.૩૫ રહે- મ.નં.૨૪/૩૪૨ ભદ્રેશ્વર હાઉસિંગ સોસાયટી, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર (૬) વિષ્ણુ S/O ગુલાબભાઈ રાણા ઉ.વ.૨૮ રહે- મ.નં.૨૮૦ સમરથનગર સોસાયટી અંબે માતાના મંદીર પાસે, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ શહેર (૭) સંજય S/O સવાજી ઠાકોર ઉ.વ.૨૩ રહે- મ.નં.૩૪, રમેશદત્ત કોલોની, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ શહેર (૮) હિતેષ S/O હરેશકુમાર સોની ઉ.વ.૨૨ રહે- મ.નં.૭૮૧/૫ આંબાવાડી ચાર રસ્તા પાણીની ટાંકી પાસે, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ શહેર (૯) હિતેષ S/O દ્વારકાદાસ ચંદવાની ઉ.વ.૨૩ રહે- મ.નં.૭૮૬/૫ આંબાવાડી ચાર રસ્તા પાણીની ટાંકી પાસે, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૦) જયેશ S/O રણછોડભાઈ રબારી ઉ.વ.૨૫ રહે- મ.નં.૧૩૮/બી, સિંધી કોલોની, સી.જી.સ્કૂલની બાજુમાં સરદારનગર, અમદાવાદ શહેર (૧૧) સાગર S/O રણછોડભાઈ રબારી ઉ.વ.૨૦ રહે- મ.નં.૯૩, રબારીવાસ કેમ્પ સદર બજાર શાહીબાગ, અમદાવાદ શહેર (૧૨) રાકેશ S/O રાયભણભાઈ પટણી (કંટાળીયાવાળા) ઉ.વ.૨૮ રહે- મ.નં.૧૭૦, શિવશક્તિનગર, નર્સરીની પાછળ, હાંસોલ , સરદારનગર, અમદાવાદ શહેર (૧૩) ભીખાભાઈ S/O ગોવિંદભાઈ પટણી (અગેનીવાળા) ઉ.વ.૩૦ રહે- મ.નં.૧૭૦, શિવશક્તિનગર, નર્સરીની પાછળ, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૪) વિજય S/O ભગવાનદાસ ગંગવાણી ઉ.વ.૩૮ રહે.મ.નં.૩૯૫/બી, સિંધી કોલોની, શાક માર્કેટની પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૫) હર્ષ S/O વિનોદકુમાર હોતલાણી ઉ.વ.૨૨ રહે- મ.નં.સી/૨૩ , શ્રી મહાલક્ષ્મી લાઈફ સોસાયટી, ઈસ્કોન વીલાની બાજુમાં , હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૬) યોગેશ S/O વિજયકુમાર માખીજા ઉ.વ.૨૬ રહે- મ.નં.૫૪૪, સમરથનગર સોસાયટી, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૧૭) સોહીલ S/O મહેબુબભાઈ શેખ ઉ.વ.૨૦ રહે- મ.નં.૩૫૭/એ, જુમ્મા મસ્જીદની લાઈનમા ગવલીવાસ કેમ્પ સદર બજાર, શાહીબાગ , અમદાવાદ શહેર (૧૮) મુસ્તાક S/O મોહ્મ્મદ રફી ગવલી ઉ.વ.૨૦ રહે- મ.નં.૨૯૪, ગવલીવાસ કેમ્પ સદર બજાર, શાહીબાગ , અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.રાઠવા (૨) પો.સ.ઈ. જે.જે.ચૌધરી (૩) મ.સ.ઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ બ.નં ૭૯૩૩ (૪) અ.હે.કો. રમેશભાઈ મંગળભાઈ બ.નં ૯૫૧૪ (૫) અ.પો.કો. અલ્પેશસિંહ પ્રવીણસિંહ બ.નં ૮૬૯૦ (૬) અ.પો.કો. શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં ૪૫૯૭ (૭) અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં ૪૧૪૦ (૮) અ.પો.કો. ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭ (૯) અ.પો.કો. જગદીશભાઈ જયંતીભાઈ બ.નં ૮૪૯૩ (૧૦) અ.પો.કો. બળવંતસિંહ કનુસિંહ બ.નં ૩૧૧૫ (૧૧) અ.લો.ર. પ્રવીણભાઈ દીતાભાઈ બ.નં ૮૮૯૪

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## COVID-19 વાયરસ અનુસંધાને મે,પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૧૬-ઇસમોની અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પો.કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા પો.ઇન્સ શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળો હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૬૭ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં કોઇપણ જાતના વ્યાજબી કારણ વગર આંટા ફેરા મારતા ૧૬-ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરીના જાહેરનામાં ક્રમાંક/વિ,શા/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે ૧૬-ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૧૬ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૨૯/૦૫/૨૦૨૦

## આરોપીઓના નામ:-

જગદિશભાઇ સ/ઓ કલ્યાણભાઇ જાતે વાઘેલા ઉ.વ.૫૨ રહે,મ.નં-એ/૬૦૧,રામવીલા હાઇટસ ગોપાલ ચોક નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૧૫=૧૬

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩



## નરોડા પોલીસ સ્ટેશન :-

## COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસકમીશ્નરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ કુલ-૧૧ ગુનામાં કુલ -૧૮ ઇસમોની અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ.પોલીસ ઈન્સપેકટર જે.જી.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા-૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નં-જીજી/૪૨૨/સીઆર્સી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા-૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં-જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અંવયે જાહેરનામાક્રમાંક:વીશા/જાહેરનામુ/એ-સેક્શન/પરમીટ-૨૦/૨૦૨૦ તા-03/૦૫/૨૦૨૦ થી જાહેર નામાનો ભંગ કરનાર ઇસમો મળી આવતા તેમના વિરૂધ્ધમા આજરોજ તારીખ-૨૨/૦૫/૨૦૨૦ ના રોજ ધી ઇ.પી.કો કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તથા એપેડમિક ડેસીજ એક્ટ કલમ-૩ તથા ડિઝાસ્ટર મેનેજમેંટ એક્ટ (૨૦૦૫) ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કુલ અલગ અલગ ૧૧ કેસ કરવામાં આવેલ જેમાં કુલ ૧૮ આરોપીઓ ને પકડી અટક કરવામા આવેલ છે.તા.૨૯/૦૫/૨૦૨૦
આજ રોજ ૧૮૮ મુજબ કુલ ગુના - ૧૧ જેમાં કુલ ૧૮ આરોપીઓ અટક કરવામાં આવેલ છે.

## આરોપી નામ સરનામા :-

(૧) નવિનભાઇ સ/ઓ મંજીભાઇ જાતે- રાવળ ઉ.વ.૨૭ ધંધો- મજુરી રહે- મફતનગર ના છપરા નરોડા બેઠક નરોડા અમદાવાદ શહેર ૧૭+ = ૧૮

ઉપરોક્ત ગુનામાં મોટર સાયકલ ઉપર બે સવારી કરી મ.પો.ક્મીશ્રીના જાહેરનામા નો ભંગ કરતા કુલ ૭ ગુના દાખલ કરી ૧૩ આરોપી અટક કરવામાં આવેલ છે.

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી –

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા પો.કો.પંકેશભાઇ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રદિપઅકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.

# "શી ટીમ" ની કામગીરી

## નરોડા પોલીસ સ્ટેશન :-

## નરોડા પોલીસની "શી ટીમ" દ્વારા સિનીયર સિટીજનની મુલાકાત લઇ સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ મોકલવા બાબત

આજ રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે અધીક પોલીસ કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની આગેવાની હેઠળ "શી ટીમ " દ્વારા આજરોજ તા-૩૦-૦૫-૨૦૨૦ ના રોજ સિનીયર સિટીજનની મુલાકાત લેતા તેઓને આગામી ચાલી રહેલ કોરોના વાયરસ બાબતે વાયરસથી બચવા અંગેના માહીતી આપી તેમજ સીનિયર સિટિજન ની મુલાકાતો ચાલુ હતી તે દરમ્યાન સીનિયર સિટિજન શ્રી રુપાભાઈ મોહનભાઈ પટેલ (ઉ.વ.૭૨) (રહે. સી/૪૦ ઉમિયાધામ સોસા નવયુગ વિધાલય પાસે મોહનનગર રોડ નરોડા) નાઓનો ફોન આવતા તેઓની મુલાકાત કરતા તેઓની તબીયત નાદુરસ્ત હોવાનુ જણાવતા હોય જેથી ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમા સારવાર માટે મોકલી આપેલ છે  તા-૩૦/૦૫/૨૦૨૦



# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## વેગેનાર ગાડીમાં ભારતીય બનાવટના વિદેશીદારુની ૭૫૦ મીલીની સીલબંધ બોટલ નંગ-૧૨૦ કિ.રૂ.૬૦,૦૦૦/- સાથે એક આરોપીને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટરર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોનદ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન અનુસાર મે.ડી.જી.પી.સાહેબ તરફથી પ્રોહિબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારુ રાખેલ ડ્રાઈવ સબંધે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ પ્રોહી તથા જુગારની પ્રવૃતિ સબંધે અસરકારક કામગીરી કરવા સુચના મળતા આજરોજ નારોલ સર્વેલન્સ સ્કોર્ડના વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.ન.૫૯૧૮ તથા તથા અ.પો.કો.હરદિપસિંહ વિજયસિંહ બ.ન.૧૧૮૭ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.ગોવિંદસિંહ દીલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક કલાક ૦૨/૦૦ વાગે નારોલ નારોલ આકૃતિ ટાઉનશીપ પાસે આવતા સાથેના **પો.કો.વિજયસિંહ લાખુભા** નાઓને બાતમી હકીકત મળેલ કે " સાંગાણી ઉપવન બંગ્લોઝની સામે આવેલ લક્ષ્મીનિવાસ ફ્લેટના બી બ્લોકના પાર્કિંગમાં એક સફેદ કલરની વેગેનાર ગાડી નં.GJ-23-AN-8477 ની અંદર નરેશ પઢીયાર(મારવાડી) નામનો ઈસમ ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો ભરી લાવી સગવગે કરે છે અને હાલમાં પ્રવુતી ચાલુ છે " જે બાતમી હકીકત આધારે રેઈડ કરતાં આરોપી નરેશ રમણભાઈ જાતે પઢીયાર (મારવાડી) ઉ.વ.૩૭ ધંધો-ફર્નિચરકામ રહે-મ.નં-બી/૩૦૬ લક્ષ્મીનિવાસ આકુતી ટાઉનશીપની સામે નારોલ અમદાવાદ શહેરનાનો મળી આવેલ. અને તેના કબ્જાની એક સફેદ કલરની વેગેનાર ગાડી નં.GJ-23-AN-8477 ની અંદરથી ભારતીય બનાવટના વિદેશીદારૂ (IMFL) ની EPISODE CLASSIC WHISKY ભરેલ બોટલ નંગ-૧૨૦ મળી આવેલ જે એક બોટલની આશરે કિ.રૂ.૫૦૦/- લેખે ગણી મળી આવેલ ૧૨૦ બોટલની કુલ્લે કિ.રૂ.૬૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૫૫૦૦/- તથા વેગેનાર ગાડીની કિ.રૂ.૩૦૦૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૩૬૫૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે

કબ્જે કરી ઉપરોકત પકડાયેલ આરોપી તથા વિદેશીદારુનો જથ્થો વેચાણ કરવા સારુ આપનાર સચીન ઠક્કર વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૪૩૨ /૨૦૨૦ ધી પ્રોહી.એકટ કલમ ૬૫(એ)(ઈ), ૬૬(બી), ૧૧૬ (બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**નોધ** : સદરી આરોપી અગાઉ દારુના તેમજ મારામારીના ગુનામાં પકડાયેલ છે. અને આજથી ત્રણેક માસ અગાઉ રાજકોટ જેલ ખાતે પાસામાં ગયેલ હતો.






**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૮/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૮ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૯/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>લુંટની ફરીયાદ:-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૦/૨૦૨૦</u>**

**ઓઢવ:** કીરીટકુમાર નટવરલાલ પટેલ (ઉ.વ.૬૫) (રહે. એલ.આઈ.જી.ગવર્મેન્ટ ક્વાર્ટર હનુમાનજી મંદીરની બાજુમાં ઓઢવ) તા.૨૯/૦૫/૨૦૨૦ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ ભીક્ષુક ગૃહ ત્રણ રસ્તા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક્ટીવા પર આવેલ એક પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) કીરીટકુમાર પાસે આવી ઉભા રાખી "ગઈકાલે મારી સાથે ઝગડો કેમ કરેલ હતો" તેમ કહી કીરીટકુમારના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કીરીટકુમાર પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૧/૨૦૨૦</u>**

**વાડજ:** (૧) સંગીતાબહેન વા/ઓ ભરતભાઇ મેવાડા (ઉ.વ.૩૬) (રહે. કૃષ્ણનગરની ચાલી રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૦ કલાક ૩/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**વાડજ:** (૨) ધીરેન ગોપાલભાઇ પટેલ (ઉ.વ.૩૪) (રહે. પુનીતનગર વિભાગ-૧ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા ભીમજીપુરા ગાર્ડન ઉસ્માનપુરા અંકીની હાઉસ ખાતે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**ચાંદખેડાઃ** સ્નેહાષીશ સુંધાંશુભાઇ દાસ (ઉ.વ.૨૯) (રહે. રબારીવાસ સંજયગાંધી સ્કુલ પાછળ લક્ષ્મીનગર નર્સરી મોટેરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** સિતાબહેન રાકેશભાઇ પટણી (ઉ.વ.૪૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ભીડભંજન હનુમાન મંદીર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદિશપ્રસાદ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** ફૈઝાન આરીફભાઈ પાલીવાલા (ઉ.વ.૨૪) (રહે. અલીફ રેસીડન્સી કંગાળપુરી જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૦ રાતના ૧૧/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણસિહ અભેસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.